**અગ્રતા ક્રમાંક : ૦૧ પ્રશ્ન ક્ર: ૧૩૯૯**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી ઈમરાન ખેડાવાલા(જમાલપુર)**

**‘‘અમદાવાદ શહેર અને જીલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ દંડ ’’**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી દિનેશસિંહ કુશવાહ (બાપુનગર)**

**પૂરક પ્રશ્ન –(૨)**

સીસીટીવી કેમેરાના આધારે ઈસ્યુ કરાયેલા ઈ–મેમોમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ? ખરેખર વ્યક્તિને ઈ–મેમો ફિઝીકલ પણ મોકલાય છે કે કેમ ? કઈ રીતે દંડ ભરવાની વ્યવસ્થા છે ? ટ્રાફિક નિયમન માટે સ્પીડ ગનનો ઉપયોગ કરવામાં આવે છે કે કેમ ? તેની વિગતો આપવા વિનંતી છે.

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

**ઈ–ચલણ/ઈ–મેમો:–**

- ટાઈપ ઓફ વ્હીકલ, વ્હીકલનો એન્જીન નંબર, ચેસીસ નંબરના પ્રથમ ૬ ડીજીટ, વ્હીકલ ઓનરનું નામ, વ્હીકલનો આર.ટી.ઓ. નંબર, ટ્રાફીક નિયમનું ઉલ્લંઘન કરેલ તારીખ અને સમય, ગુનાનું સ્થળ, ગુનાનો પ્રકાર, તેમજ વાહન સાથે વાહન ચાલકના ફોટાનો ઈ–ચલણમાં સમાવેશ થાય છે.
- ટ્રાફિક નિયમન ભંગ કરનાર વાહન ચાલકના ઉપલબ્ધ મોબાઈલ નંબર ઉપર એસ.એમ.એસ. મારફતે ઈ–ચલણ જનરેટ થયાની જાણ કરવામાં આવે છે. તેમજ જે વાહન ચાલકોના મોબાઈલ નંબર ડેટા બેઝમાં ઉપલબ્ધ ન હોય તેવી વ્યક્તિને સ્પીડ પોસ્ટ મારફતે ચલણની બજવણી કરવામાં આવે છે.

**દંડ વસુલાત:–**

- દંડ ઓનલાઈન વેબસાઈટ પર જઈને તેમજ ઓફલાઈન બન્ને રીતે ભરી શકાય છે.

**સ્પીડગન :-**

- સ્પીડગન મારફતે ઈ-મેમો/ચલણ ઈસ્યુ કરવામાં આવે છે.
- અમદાવાદ શહેર ખાતે **કુલ-૪૪ સ્પીડગન** ફાળવવામાં આવેલ છે અને **પાંચ** ઈન્ટરસેપ્ટરમાં સ્પીડગન લગાડવામાં આવે છે. તેમજ ગ્રામ્ય ખાતે **૧૦ સ્પીડગન** ફાળવવામાં આવેલ છે અને **૦૨ ઈન્ટરસેપ્ટર** વાનમાં સ્પીડગન લગાડવામાં આવે છે.

**સ્પીડ લીમીટ:-**

**(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સ્પીડ લીમીટ :-**

- ફોર વ્હિલર વ્હીકલ માટે ૭૦ કિ.મી./કલાક,
- ટુ વ્હીલર માટે ૬૦ (૧૦૦ સીસી થી વધારે ૬૦ અને ઓછા માટે ૫૦)
- થ્રી વ્હીલર માટે ૪૦ કિ.મી/કલાકની સ્પીડ નક્કી કરવામાં આવેલ છે.

**(૨) એક્સપ્રેસ હાઈવે** : ફોરવ્હીલર- ૧૨૦ કી.મી./કલાક

**(૩) નેશનલ હાઈવે** : ફોર વ્હીલર- ૧૦૦ કી.મી./કલાક

**(૪) સ્ટેટ હાઈવે** : ફોર વ્હીલર- ૮૦ કી.મી./કલાક

**(૫) મેઈન ડીસ્ટ્રીક્ટ હાઈવે** : ૬૫ કી.મી./કલાક

**(૬) ગ્રામ્ય વિસ્તાર** : ફોર વ્હીલર-૬૦ કી.મી./કલાક

આમ સમગ્ર રાજ્યમાં **કુલ ૩૫૨ સ્પીડગન** લગાડેલ છે અને **૪૮ ઈન્ટરસેપ્ટર વાનમાં સ્પીડગન લગાડેલ છે.**